**નવી સેવા વર્ષ : ૨૦૨૩-૨૪**

કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, આઈસીડીએસમાં (૧) જાહેર આરોગ્ય અધિકારી, વર્ગ-૧ ની ૧ જગ્યા, નાયબ કાર્યપાલક ઈજનેર વર્ગ-૨ ની ૧ જગ્યા (૩) શ્રેયાન અધિકારી વર્ગ-૨, ની ૧ જગ્યાની નવી જગ્યાની વહીવટી મંજુરી આપવા બાબત.

ગુજરાત સરકાર

મહિલા અને બાળ વિકાસ વિભાગ

ઠરાવ ક્રમાંક: WCDD/IMR/e-file/23/2023/0249/B(ICDS)

સચિવાલય,ગાંધીનગર

**વંચાણે લીધા:**

નિયામકશ્રી (આઈસીડીએસ) કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસ કચેરીના પત્ર ક્રમાંક:

1) ICDS/MKM1/E5/257/2023/0195/ADMIN dt.13/02/2023

2) ICDS/MKM1/E5/257/2023/0188/ADMIN dt.10/02/2023

3) ICDS/MKM1/E5/257/2023/0187/ADMIN dt.10/02/2023

**ઠરાવ:**

વંચાણે લીધા પત્રોથી (૧) જાહેર આરોગ્ય અધિકારી, વર્ગ-૧ ની એક જગ્યા (૨) નાયબ કાર્યપાલક ઈજનેર વર્ગ-૨ ની એક જગ્યા (૩) શ્રેયાન અધિકારી વર્ગ-૨ ની એક જગ્યા ઉભી કરવાની દરખાસ્ત કરેલ છે. કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસ ની કચેરી ખાતે આઈસીડીએસ અંતર્ગત કરવામાં આવતી પ્રવૃત્તિઓ/કામગીરી/મોનિટરીંગ/સુપરવિઝનને ધ્યાને લઈ વર્ષ ૨૦૨૩-૨૪ના અંદાજપત્ર માં કરેલ જોગવાઇ અનુસાર (૧) જાહેર આરોગ્ય અધિકારી, વર્ગ-૧ ની એક જગ્યા (૨) નાયબ કાર્યપાલક ઈજનેર વર્ગ-૨ ની એક જગ્યા (૩) શ્રેયાન અધિકારી વર્ગ-૨ ની એક જગ્યા ઉભી કરવાની બાબત વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

કમિશ્નર, મહિલા અને બાળ વિકાસ કચેરી, ગાંધીનગર ખાતે (૧) જાહેર આરોગ્ય અધિકારી, વર્ગ-૧ ની પે-મેટ્રીક્સ લેવલ-૧૧ (રૂ.૧૫૬૦૦-૩૯૧૦૦, ગ્રેડ પે-૬૬૦૦) પગારધોરણની ૧ (એક) જગ્યા (૨) નાયબ કાર્યપાલક ઈજનેર વર્ગ-૨ ની પે-મેટ્રીક્સ લેવલ-૯ (રૂ.૯૩૦૦-૩૪૮૦૦, ગ્રેડ પે-૫૪૦૦) પગારધોરણની ૧ (એક)જગ્યા અને (૩) શ્રેયાન અધિકારી વર્ગ-૨ ની પે-મેટ્રીક્સ લેવલ-૮ (રૂ.૯૩૦૦-૩૪૮૦૦, ગ્રેડ પે-૪૬૦૦) પગારધોરણની ૧ (એક) જગ્યાઓ સંબંધિત વિભાગમાંથી પ્રતિનિયુક્તિના ધોરણે ભરવા માટે વર્ષ- ૨૦૨૩-૨૪ની કુલ રૂ. ૧૭.૯૯ લાખની બજેટ જોગવાઇ માંથી ૧૦૦% સ્ટેટ બર્ડન હેઠળ નીચેની શરતોને આધિન ખર્ચ કરવા માટે આથી વહીવટી મંજુરી આપવામાં આવે છે.

શરતો:

૧. સદર જગ્યાઓને વહીવટી મંજુરી મળ્યેથી કેડરપોસ્ટ કરવાની અને કેડર સ્ટ્રેન્થમાં સમાવેશ કરવાની દરખાસ્ત એક માસમાં સંબંધિત વિભાગને મોકલવાની રહેશે.

૨. આ જગ્યાઓ ઉપરની ભરતી સરકારશ્રીના જે તે જગ્યાના પ્રવર્તમાન ભરતી નિયમો અને નિયત ભરતી પદ્ધતિને અનુસરીને કરવાની રહેશે

૩. સીધી ભરતીના ફાળાની જગ્યાઓ વહીવટી મંજુરી મળ્યેથી ૬ માસમાં સીધી ભરતીથી ભરવા અંગે સામાન્ય વહીવટ વિભાગ/નાણા વિભાગ મારફત સંબંધિત ખાતા/વિભાગ દ્વારા સ્થાયી સમિતિની મંજુરી મેળવી ભરતી પ્રક્રીયા હાથ ધરવાની રહેશે.

૪. આ જગ્યાઓ ભરતી વખતે અનામતનું ધોરણ નિયમોનુસાર જળવાય તે સંબંધિત વિભાગે જોવાનું રહેશે. આ જગ્યાઓ ભરતી વખતે બેકલોકની જગ્યા હોય તો તેને અગ્રીમતા આપવાની રહેશે.

૫. આ જગ્યાઓ પર નિમણૂંક પારદર્શક પસંદગી પ્રક્રિયા હાથ ધરીને કરવાની રહેશે.

૬. કોમ્યુટરની જાણકારી માટે પ્રવર્તમાન ભરતી નિયમોનુસાર ઉમેદવાર નિયત થયેલ કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરેલ/ લાયકાત ધરાવતા હોવા જોઈએ.

૭. રાજ્ય સરકાર દ્વારા વખતોવખત નિયત કરવામાં આવેલ ભાષાકીય-ખાતાકીય પરીક્ષાઓ નિયત તકમાં કરવાની રહેશે.

૮. જે તે જગ્યાઓના પગારધોરણો આર.ઓ.પી.-૨૦૧૬ પ્રમાણે છે કે કેમ તે ખાતરી કરી લેવાની જવાબદારી સંબંધિત વિભાગની રહેશે.

૯. વર્ગ-૩ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઇ મુજબ જો બઢતીના ફાળે આવતી હોય તે પ્રમાણે અને જો સીધી ભરતીના ફાળે આવતી હોય તો નાણા વિભાગના તા.૧૬/૦૨/૨૦૦૬થી અમલી બનેલ ફિક્સ પગારની નીતિ અને નાણા વિભાગના તા.૨૮/૦૩/૨૦૧૬ના ઠરાવથી નિયત થયેલ બોલીઓ અને શરતો અનુસાર અને તેમાં વખતોવખત થયેલ સુધારાઓની જોગવાઈઓ પ્રમાણે ભરવાની રહેશે.

૧૦. સીધી ભરતીથી નિમણૂક પામનાર ઉમેદવારને નિયમિત નિમણૂક મળ્યા બાદ નાણા વિભાગના તા.૧૮-૩-૨૦૦૫ ના ઠરાવ ક્રમાંક- નપન/ ૨૦૦૩/ જીઓઆઈ/ ૧૦ (પા.ફા) ની જોગવાઈ પ્રમાણે રાજ્ય સરકાર દ્વારા તા.૦૧-૦૪-૨૦૦૫ થી દાખલ કરવામાં આવેલ નવી વર્ધીત પેન્શન યોજના હેઠળ આવરી લેવાના રહેશે.

૧૧. આ નવી મંજુર કરેલ જગ્યાઓ જે તે નાણાકિય વર્ષના અંત સુધી ચાલુ રાખવાની મંજુરી આપવામાં આવે છે ત્યારબાદ જગ્યાઓ વખતોવખત ચાલુ રાખવાની થાય તો જગ્યાઓ લંબાવવાની દરખાસ્ત મુદ્દત પુરી થતા પહેલાના એક માસ અગાઉ નાણાકિય સલાહકારશ્રીને રજુ કરી જગ્યા વધુ સમય ચાલુ રાખવાની મંજુરી મેળવી લેવાની રહેશે.

૧૨. સીધી ભરતી/બઢતીના ફાળાની નવી ઊભી થયેલ જગ્યાઓની સેવાઓ કરાર આધારીત/આઉટસોર્સથી લેવાની જરૂરીયાતના સંજોગોમાં અચુક નાણા વિભાગ(કરકસર પ્રભાગ) ની પુર્વ મંજુરી મેળવી લેવાની રહેશે.

૧૩. આ નવી મંજુર કરેલ જગ્યા અંગેનો ખર્ચ નાણા વિભાગ દ્દ્રારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં જે તે નાણાકિય વર્ષમાં જગ્યાઓ ભરાય ત્યારથી કરવાનો રહેશે.

૧૪. આ જગ્યાઓ ભરતી વખતે અનામતનું ધોરણ નિયમોનુસાર જળવાય તે વિભાગે જોવાનું રહેશે. આ જગ્યાઓ ભરતી વખતે બેકલોકની જગ્યા હોય તો તેને અગ્રીમતા આપવાની રહેશે.

૧૫. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા અગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

૧૬. આ અંગેનો ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો વખત લાગુ પડતા ઠરાવો/ પરીપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

૧૭. આ મંજુરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતનો અમલ કરવાનો રહેશે.

૧૮. રાજ્ય સરકાર દ્વારા વખતોવખત નિયત કાર્યભારણનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

૧૯. નાણા વિભાગ દ્વારા જે શરતોએ મંજુરી આપવામાં આવેલ હોય તેમાં કોઈપણ સંજોગોમાં નાણા વિભાગની પૂર્વ મંજૂરી વિના ફેરફાર કરી શકાશે નહી.

આ અંગેનો ખર્ચ નીચે દર્શાવેલ બજેટ સદરેથી કરવાનો રહેશે.

માંગણી નંબર :૧૦૬

મુખ્ય સદર: ૨૨૩૬ પોષણ

પેટા મુખ્ય સદર : (૦૨) પોષણ ખાદ્ય અને પીણાંની વહેંચણી

ગૌણ સદર : ૧૦૧ ખાસ પોષણ કાર્યક્રમ

પેટા સદર : ૦૧ NTR 10 આંગણવાડી વર્કર તથા આંગણવાડી હેલ્પરની વધારાની સવલતો

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ઈ-ફાઈલ પર નાણા વિભાગની તારીખ ૧૫/૦૫/૨૦૨૩ની નોંધ થી મળેલ મંજુરી

અન્વયે બહાર પાડવામાં આવે છે

ગુજરાતનાં રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

( જે. આઈ.લેઉવા)

ઉપસચિવ

મહિલા અને બાળ વિકાસ વિભાગ

નકલ રવાના પ્રતિ,

1. માન. મુખ્યમંત્રીશ્રીના ખાસ ફરજ પરના અધિકારીશ્રી, સચિવાલય, ગાંધીનગર.
2. માન. મંત્રીશ્રી, મહિલા અને બાળ કલ્યાણના અંગત મદદનીશ, સચિવાલય, ગાંધીનગર.
3. મુખ્ય સચિવશ્રીના સંયુકત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
4. અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
5. સચિવશ્રી (ખર્ચ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
6. સચિવશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
7. કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
8. નિયામકશ્રી (આઈસીડીએસ),કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી,૨૦, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
9. એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ
10. નિવાસી ઓડિટ અધિકારીશ્રીની કચેરી, ગાંધીનગર
11. સર્વે મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, મ્યુનિસિપલ કોર્પોરેશન,..............
12. સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત કચેરી, જિ...............
13. સર્વે નાયબ નિયામક વિભાગીય કચેરી, અમદાવાદ/વડોદરા/સુરત/રાજકોટ
14. પગાર અને હિસાબી અધિકારીશ્રી ગાંધીનગર/અમદાવાદ
15. નાણા સલાહકારશ્રી મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
16. સર્વે પ્રોગ્રામ ઓફિસરશ્રી, જિ./મ્યુ.કો.......................
17. શાખા સિલેક્ટ ફાઈલ.

eSign
Signed by: JAYESH I LEUVA
Organization Unit: Women and Child Development Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 01-Jul-2023 (11:36 AM)



Open the document in Adobe Acrobat DC to verify the E-sign